**અંકલેશ્વરના મે.એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં**

**<u>ફોજદારી કેસ નં. ૪૩૧૫/૨૦૨૫.</u>**
**આંક :**

ફરીયાદી : શ્રી સરકાર

**વિરૂધ્ધ**

આરોપી : કલા ઉર્ફે કલ્લો ખુમાન વાખલા
ઉ.વ. ૫૧ , ધંધો: ખેતી,
રહે. મ.નં.૩૮, હોળી ફળીયુ, ગામ – કુશલપુરા,
તા.રાનપુરા, જી.ઝાબુઆ (મધ્ય પ્રદેશ)

**<u>ગુનો:– ધી ઇન્ડીયન ઇલેક્ટ્રીસીટી એક્ટ ૧૩૬ (૧)(એ) તથા ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એક્ટ કલમ ૩ તથા ઇ.પી.કો. કલમ ૧૧૪ મુજબ</u>**

**–:(<u>કમિટલ હુકમ</u>):–**

આ કામે ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકતો એવી છે કે,

(૧) આ કામના આરોપી વિરૂધ્ધ અંકલેશ્વર શહેર એ ડીવી. પો. સ્ટે. એફ.આઇ.આર. નં. સેકન્ડ ૭૭/૨૦૧૮, ધી ઇન્ડીયન ઇલેક્ટ્રીસીટી એક્ટ ૧૩૬ (૧)(એ) તથા ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એક્ટ કલમ ૩ તથા ઇ.પી.કો. કલમ ૧૧૪ મુજબનો ગુનો નોંધાયેલ તે અનુસંધાને અત્રેની અદાલતમાં ઉપરોકત નંબરથી ચાર્જશીટ કરવામા આવેલ છે.

(૨) આજરોજ સદરહું કેસના આરોપી હાજર થતાં, પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે પૂરી પાડયાની ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે ખાતરી કરેલ છે. આરોપીની પ્લી લેતા, તેમાં તેઓએ સ્વખર્ચે ખાનગી વકીલ રોકી પોતાનો બચાવ કરવા માંગતા હોવાનું જણાવેલ છે.

(૩) સદર ગુનાની ઇન્સાફી કાર્યવાહી નામદાર સેશન્સ અદાલતને ચલાવવા અંગે જોગવાઇ થયેલી છે તેવા સંજોગોમાં આ ગુનાની ઇન્સાફી કાર્યવાહી ચલાવવા માટે અત્રેની અદાલતને સત્તા મળતી ન હોય આ કેસ નામ. સેસન્સ અદાલત, અંકલેશ્વર ને ટ્રાયલ માટે કમીટ કરવાનો થતો હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**-::(હુકમ)::-**

૧. આ કામના આરોપી વિરૂધ્ધ અંકલેશ્વર શહેર એ ડીવી. પો. સ્ટે. એફ.આઈ.આર. નં. સેકન્ડ ૭૭/૨૦૧૮, ધી ઇન્ડીયન ઇલેક્ટ્રીસીટી એક્ટ ૧૩૬ (૧)(એ) તથા ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એક્ટ  કલમ ૩ તથા ઇ.પી.કો. કલમ ૧૧૪ અન્વયે આ કેસ નામદાર એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રી અંકલેશ્વરની કોર્ટને કમીટ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

૨. આ કેસનું સમગ્ર અસલ રેકર્ડ મુદ્દામાલ સહીત આંકવાર્યુ બનાવી નામદાર એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રી અંકલેશ્વરની કોર્ટને તાત્કાલીક મોકલી આપવું.

૩. આ હુકમની જાણ જીલ્લા સરકારી વકીલશ્રી, ભરૂચનાઓને કરવાનો હુકમ કરવામાં આવે છે.

( વાય.એન.પટેલ )
એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
અંકલેશ્વર

સ્થળ : અંકલેશ્વર
તા. ૧૮/૦૫/૨૦૨૬